# મલાખીની દૈવી વાણી

## ફાધર વર્ગીસ પોલ

બાઇબલમાં 'મલાખી' ગ્રંથના લેખક અને બાર ગૌણ પયગંબરોમાં છેલ્લાં પયગંબર તરીકે મલાખીની ગણના થાય છે. પરંતુ મલાખી એક સ્વતંત્ર વ્યક્તિ છે કે કોઇને પણ લાગુ પડે એવું કોઇ સામાન્ય નામ છે એ અંગે બાઇબલના પંડિતો મતભેદ ધરાવે છે. કારણ, 'મલાખી'ના ત્રીજા પ્રકરણમાં 'પ્રભુનો દૂત'નો ઉલ્લેખ છે : "જુઓ, હું તમારી આગળ રસ્તો સાફ કરવા મારા દૂતને મોકલનાર છું." અને "મલાખી" શબ્દનો અર્થ પણ "પ્રભુનો દૂત" થાય છે. પણ મોટા ભાગના નિષ્ણાત માને છે કે મલાખી એક સ્વતંત્ર વ્યક્તિ અને 'મલાખી' ગ્રંથનો રચયિતા છે.

પયગંબર નહેમ્યાની વાતમાં જોઇ શકાય છે તેમ પારસ સમાટની સેવામાંથી રજા લઇને નહેમ્યા ઈસવીસન પૂવેર્ ૪૪૫માં યહૂદાનો સૂબો નિમાઈને સ્વદેશ ફયોર્ હતો. નહેમ્યા યહૂદામાં ઘણા ધાર્મિક અને સામાજિક સુધારા કરીને ઈસવીસન પૂવેર્ ૪૩૩માં સમાટની સેવામાં પરત ગયો. થોડા સમય પછી દેશદાઝથી પ્રેરાઇને નહેમ્યા ફરી પાછો સ્વદેશ આવ્યો ત્યારે એણે જોયું કે યહૂદીઓએ ફરી ધાર્મિક અને સામાજિક અત્યાચારો અને પાપો કરવા માંડ્યાં છે. નહેમ્યા ફરી લોકોના દુષ્કૃત્યોને વખોડી કાઢીને સુધારાને કામે લાગી ગયો હતો.

પયગંબર મલાખીએ પણ યહૂદીઓનાં જે દુરાચારો અને દુષ્કૃત્યોને નહેમ્યાએ વખોડી કાઢ્યાં છે એ જ અત્યાચારો અને પાપોને વખોડી કાઢ્યાં છે. આવા સામ્યને કારણે બાઇબલના પંડિતો મલાખીને નહેમ્યાના સમકાલીન માને છે. ઘણુંખરું નહેમ્યા પારસ દેશમાં પરત ગયા પછી પયગંબર મલાખીએ પોતાનો 'મલાખી' ગ્રંથ રચ્યો હશે. મલાખીને જૂના કરારનો છેલ્લો પયગંબર માનવામાં આવે છે. જોકે બાઇબલના કેટલાક નિષ્ણાતો પયગંબર યોએલને જૂના કરારનો છેલ્લો પયગંબર માને છે.

ઈશ્વર પ્રભુએ ઇસાયલી પ્રજા સાથેનો કરાર સાચવ્યો છે અને અદોમના લોકોએ એમના જેવા દુશ્મનોને દૂર કર્યા છે. છતાં ઈસાયલી પ્રજા ઈશ્વર પ્રભુના પ્રેમ ઉપર શંકા ધરાવે છે. એ માટે પયગંબર મલાખી એમને દોષિત કરે છે. આ વાત પયગંબર મલાખી પ્રભુ અને લોકો વચ્ચેના સંવાદ રૂપે રજૂ કરે છે. પ્રભુ કહે છે કે, "મેં તમારા ઉપર પ્રેમ રાખ્યો છે." છતાં યહૂદી લોકો પૂછે છે, "તેં તારો પ્રેમ શી રીતે પ્રગટ કયોર્ છે?"

પ્રભુ જવાબ આપે છે, "એસાવ યાકોબનો ભાઇ નહોતો? છતાં મેં યાકોબ ઉપર પ્રેમ રાખ્યો, પણ એસાવનો તિરસ્કાર કયોર્. મેં એસાવના પહાડી પ્રદેશને ઉજ્જડ બનાવી દીધો છે અને તેના વતનને જંગલના પશુઓનો વાસ બનાવી દીધો છે."

આ રીતે પોતાનો સંદેશ લોકોને જણાવવામાં મલાખીએ ઘણી જગ્યાએ સંવાદનો આશરો લીધો છે. મલાખીએ પોતાની સાહિત્યિક શૈલીમાં જ સંવાદનો સારો ઉપયોગ કયોર્ છે.

'મલાખી'નો ગ્રંથ સૂચવે છે કે દેશવટેથી પરત ફરેલા યહૂદીઓ નૈતિક, ધાર્મિક અને સામાજિક મૂલ્યોને સાચવવામાં ઘણા ઢીલા હતા. એટલે પયગંબર મલાખી લોકોને પયગંબરી વાણી સંભળાવતાં કહે છે,

"યહૂદાના લોકોએ દ્રોહ કર્યો છે અને યરુશાલેમમાં અને આખા દેશમાં ધૃણાપાત્ર કાર્યો થઇ રહ્યાં છે. યહૂદાના વતનીઓએ પ્રભુના વહાલા મંદિરને ભ્રષ્ટ કર્યું છે અને બીજા દેવોને પૂજનારી સ્ત્રીઓ સાથે લગ્ન કર્યાં છે."

વળી, પયગંબરે યહૂદીઓમાં કામણટૂમણ કરનારાઓ, વ્યભિચારીઓ, ખોટા સોગંદ ખાનારાઓ, વિધવાઓ અને અનાથો ઉપર જુલમ ગુજારનારાઓ, પરદેશીઓના હક્ક ડુબાડનારાઓ, ખોટી સાક્ષી પૂરનારા જેવા લોકોને પણ સખત શબ્દોમાં વખોડી કાઢ્યા છે.

પયગંબર મલાખીએ સૌથી વધારે મંદિરના પુરોહિતો ઉપર પ્રભુના પ્રહારો વરસાવ્યા છે. "સર્વશક્તિમાન પ્રભુ પોતાના પુરોહિતોને કહે છે,...તમે તો મારા નામની અવજ્ઞા કરો છો... તમે એમ પણ માની લીધું છે કે, પ્રભુની વેદીની તો અવજ્ઞા થઇ શકે, આંધળો બલિ ચડાવવામાં કંઇ દોષ નથી? ઓ પુરોહિતો,...તમારામાંથી કોઇ મંદિરના દરવાજા તદ્દન બંધ કરી દે એ સારું છે, જેથી મારી વેદી ઉપર નકામી આગ પેટાવી ન શકો! તમારા ઉપર હું લગીરે પ્રસન્ન નથી - હું તમારી પાસેથી કોઇ પણ બલિ સ્વીકારીશ નહિ."

લોકો માને છે કે પ્રભુ અન્યાયી છે અને પૂછે છે કે, "ઈશ્વર ન્યાયી છે જ ક્યાં?" લોકોની દૃષ્ટિએ પ્રભુ સાચા લોકોની વહારે આવ્યા છે જ નહિ. અગાઉ દેશવટાથી પરત ફર્યા પછી પયગંબર હગાઇએ અને પયગંબર ઝખરિયાએ આગાહી કરેલા ઉજ્જવલ ભવિષ્યનું કોઇ નામનિશાન જ ન હતું. એટલું જ નહિ, પણ લોકોની દૃષ્ટિએ "બધા કુકર્મીઓને પ્રભુ સારા ગણે છે અને તેમના ઉપર પ્રસન્ન રહે છે."

લોકોની આવી માન્યતાઓ અને પ્રતિભાવોનો જવાબ આપતાં પયગંબર મલાખી કહે છે કે ઈશ્વર પ્રભુ તો ચોક્કસ આવશે. પણ લોકોએ પ્રભુના આગમનથી ચેતતા રહેવાની જરૂર પડશે. કારણ, પ્રભુનું આગમન "સોનાનું શોધન કરનાર અગ્નિ જેવું, ધોબીના ખારા જેવું છે."

ઈશ્વર પ્રભુ લોકો સાથેના પોતાના કરારને વળગી રહે છે. એટલે લોકો ફરી અને ફરી ઈશ્વર પ્રભુ આગળ બેવફા પુરવાર થવા છતાં પોતાના કરારને કારણે પ્રભુએ લોકોને સંપૂર્ણપણે છોડી દીધા નથી. આ વાત સમજાવતાં મલાખી લોકોને પ્રભુનો સંદેશ સંભળાવે છે, "હું, પ્રભુ, ફરી જતો નથી અને તેથી, ઓ યાકોબના વંશજો, તમારો સર્વનાશ થયો નથી. તમારા વડવાઓના સમયથી તમે મારા નિયમોથી ચાતરીને ચાલતા આવ્યા છો અને તેનું તમે પાલન કર્યું નથી. પણ તમે પાછા મારે શરણે આવો એટલે હું તમને શરણું આપીશ."

'મલાખી' ગ્રંથના અંત ભાગમાં પયગંબર લોકોને ખાતરી આપે છે કે પ્રભુનો દિવસ ચોક્કસ આવશે અને ત્યારે પાપનો ક્ષય થશે અને સત્યનો જય થશે. "જુઓ, એ દિવાસ આવી રહ્યો છે, જ્યારે બધા તુમાખીખોરો અને દુષ્કૃત્ય કરનારાઓ તરણાંની જેમ બળી જશે. એ દિવસે તેઓ બળીને ખાખ થઇ જશે, તેમનું નામનિશાન નહિ રહે. પણ મારા નામથી ડરીને ચાલનાર તમારા માટે મુક્તિનો સૂર્ય ઉદય પામશે અને તેનાં કિરણો તમારા બધા ઘા રૂઝવશે અને તમે કોઢારમાંથી છૂટેલાં વાછરડાંની પેઠે નાચતાકૂદતા ને ગેલ કરતાં હશો. તમે દુષ્ટોને કચડી નાખશો."

પ્રભુના દિવસની તૈયારી કરવામાં પયગંબર લોકોને મોશેનાં નિયમો અને આજ્ઞાઓને સંભારવા જણાવે છે. છેલ્લે મલાખી ચેતવણીરૂપે પ્રભુનો સંદેશ સંભળાવે છે : "જુઓ, મારો એ મહાન ભયંકર દિવસ આવે તે પહેલાં હું પયગંબર એલિયાને મોકલીશ અને તે માતાપિતાનાં હૃદય સંતાનો તરફ અને સંતાનોનાં હૃદય માતાપિતા તરફ વાળશે; રખેને હું દેશને અભિશાપ આપું."

પયગંબરની આ અગમવાણીની પૂર્તિ આપણે નવા કરારમાં માથ્થી, માર્ક અને લૂકે કરેલી સ્નાનસંસ્કાર યોહાનની વાતમાં જોઇ શકીએ છીએ. અહીં ફક્ત લૂકકૃત શુભસંદેશમાંથી યોહાન વિશેની વાત ટાંકીએ :

"ઘણા ઇસાયલીઓને તે (યોહાન) તેમના પરમેશ્વર પ્રભુ પ્રતિ પાછા વાળશે. તે એલિયાની પેઠે પવિત્ર આત્માના સાર્મથ્યથી સંપન્ન થઇને પ્રભુના અગદૂત તરીકે તેની આગળ આગળ ચાલશે. તે પિતાનાં હૃદયોને પુત્રો તરફ વાળશે, ઉદ્ ંડોને ધર્મિષ્ઠોને માગેર્ ચડાવશે અને પ્રભુને માટે બધી રીતે લાયક એવી એક પ્રજાને તૈયારી કરશે."

પહેલા ત્રણ શુભસંદેશકારોએ - માથ્થી, માર્ક અને લૂકે - વર્ણવ્યું છે તેમ, ભગવાન ઈસુના જાહેર જીવન પહેલાં સ્નાનસંસ્કાર યોહાને મલાખીની અગમવાણી મુજબ જ કામ કર્યું છે. તેણે ઈસુના આગમન માટે રસ્તો તૈયાર કયોર્ છે